ISO 9001 : 2000

# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૩૨-૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in


ક્રમાંકઃ- મફબ/અકડ/મનપા ઓક્ટ્રોય/માર્ચ/૨૦૧૧/(૧)/ ૯૪૪૯ તા. 2 5 MAR 2011

<u>વંચાણે લીધા :-</u>

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૨-૯-૦૭ના જાહેર નામા ક્રમાંક –કેવી -૨૪૫ ઓફ ૨૦૦૭-જેકેટી-૮૦૨૦૦૭-૧૯૬૩-પી .

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૯-૫-૦૪ના પરિપત્ર ક્રમાંક-પરચ/૧૦૨૦૦૪/૬૪૪-બ તેમજ યાદી ક્રમાંકઃ બજટ ૧૦૨૦૦૪-૮૦(૨)-બ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ના ઠરાવ ક્રમાંક-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮-૧૧-૦૭ના સુધારા ઠરાવક્રમાંક બીજીટી / ૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૫. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૩-૦૩-૧૧ નો ઠરાવ ક્રમાંક-બજટ/૧૦૨૦૧૦/૧૨૯૬/બ

## <u>દફતરી હુકમ</u>

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૨-૯-૨૦૦૭ના જાહેરનામાં ક્રમાંક-કેવી-૨૪૫ ઓફ ૨૦૦૭-જેકેટી-૮૦૨૦૦૭-૧૯૬૩-પી.હેઠળના જાહેરનામાંથી સરકારશ્રી દ્વારા રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાંથી તા.૧૫-૧૧-૦૭ થી ઓક્ટ્રોય નાબુદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ઓક્ટ્રોય નાબુદ થતાં ૭ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક રકમ તરીકે ચુકવણી કરવાની રહે છે. ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૪ ના તા.૨૮-૧૧-૦૭ના સુધારા ઠરાવથી ૭ મહાનગરપાલીકાઓને રકમની ફાળવણીના ધોરણો ઉકત સુધારા ઠરાવના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ અને તે મુજબ ૭ મહાનગરપાલિકઓને મળવાપાત્ર રકમ નક્કી કરેલ છે. જે ધોરણો મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા સહિત કુલ ૮ મહાનગરપાલિકાઓને <u>માર્ચ-૨૦૧૧ ના માસ માટે ₹.૨૫/- કરોડ</u> મહાનગરપાલીકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાનની રકમ ચુકવવા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ -૫ ના ઠરાવથી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ -૫ ના ઠરાવના ફકરા ક્રમ –(૨) માં દર્શાવેલ વિગતે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકવામાં આવેલ ₹.૨૫/- કરોડની વિકાસના કામો માટેની પ્રોત્સાહક અનુદાનની ફાળવણી નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ ૮ મહાનગરપાલીકાઓ વચ્ચે કરવા સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | માર્ચ ૨૦૧૧ માસ માટે મળવાપાત્ર રકમ ₹. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧,૨૨,૫૦,૦૦૦ |
| ૨ | સુરત | ૭,૭૨,૫૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૩,૪૮,૨૫,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૧,૩૯,૨૫,૦૦૦ |
| ૫ | જામનગર | ૦,૩૬,૫૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૦,૩૮,૨૫,૦૦૦ |
| ૭ | જૂનાગઢ | ૦,૨૨,૭૫,૦૦૦ |
| ૮ | ગાંધીનગર | ૦,૨૦,૦૦,૦૦૦ |
| | કુલ: | ૨૫,૦૦,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ ₹.૨૫/- કરોડ (અંકે રૂપિયા પચીસ કરોડ પુરા) પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૫ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મૂકેલ વર્ષ ૨૦૧૦-૧૧ ની ગ્રાંટની રકમ ₹.૨૫/- કરોડમાંથી ઉધારવાનો રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) નાયબ સચિવશ્રી (શ.વિ.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) નાયબ સચિવશ્રી (બજેટ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૩) ઉપ સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૫) સેકશન અધિકારીશ્રી, (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) કલેકટરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર
(૮) એ.જી. અમદાવાદ / રાજકોટ
(૯) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર જી
(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૧) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .
(૧૨) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ ₹.૨૫,૦૦,૦૦,૦૦૦/- (અંકે પચીસ કરોડ પુરા) ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનરગપાલિકાઓને કરવાની સારૂ. (૧૩) સીલેકટ ફાઇલ.